# ઉત્તરાખંડ-હિમાચલમાં હજુ જળસંકટ

દહેરાદુન,નવી દિલ્હી,તા. ૧૮

ઉત્તરમાં જળપ્રલયની સ્થિતિ હજુ પણ યથાવત ગંભીર બનેલી છે. વરસાદ સંબંધિત બનાવોમાં વધુ ૧૧ લોકોના મોત સાથે મોતનો આંકડો વધીને ૮૫ પર પહોંચી ગયો છે. હજુ પણ મોતનો આંકડો વધે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભારે વરસાદના કારણે સૌથી વધુ અસરગ્રસ્ત એવા ઉત્તરાખંડમાં ૭૧૪૪૦ જેટલા શ્રદ્ધાળુઓ હજુ પણ જુદી જુદી જગ્યાઓએ અટવાયેલા છે. ચાર ધામના શ્રદ્ધાળુઓ સૌથી વધુ મુશ્કેલીમાં મુકાયા છે. બાચવ અને રાહતકામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. મોતનો આંકડો વધે તેમ માનવામાં આવી રહ્યુ છે. અટવાયેલા લોકોને સુરક્ષીત સ્થળે ખસેડવામાં આવી રહ્યા છે. હિમાચલમાં પણ ભારે વરસાદના કારણે પરિસ્થિતિ વિકટ બનેલી છે. હિમાચલ અને ઉત્તરાખંડમાં પૂર અને ભેખડગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી તીવ્ર બનાવવામાં આવી છે. વરસાદની ગતિ ધીમી પડી છે. ગંગા અને તેની સહાયક નદીમાં પાણીની સપાટી હજુ પણ ખુબ ઉંચી છે. જો કે ઉત્તરાખંડમાં ખુબ જ નુકસાન થઈ ચુક્યુ છે. ઉત્તર ભારતમાં હાલત કફોડી બનેલી છે. નવેસરથી પૂર, વાદળ ફાટવાની ઘટના અને ભેખડો ધસી પડવાના બનાવથી ઉત્તરાખંડમાં ૪૪ લોકોના મોત થઈ ચુક્યા છે. ૧૭૫ મકાનોને નુકસાન થઈ ચુક્યુ છે.રુદ્રપ્રયાગમાં સૌથી માઠી અસર થઈ છે. અહીં ૨૦ લોકોના મોત થઈ ચુક્યા છે.

૪૦ હોટલો સહિત ૭૩ ઈમારતોને નુકસાન થયુ છે. અલકનંદા નદીના કિનારે રહેતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અટવાયા છે જેમાં બદ્રિનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમનોત્રી માટે જતા ૭૧૪૪૦ શ્રદ્ધાળુઓનો સમાવેશ થાય છે. રુદ્રપ્રયાગ, ચમોલી, ઉત્તરકાશીમાં પણ લોકો અટવાઈ પડ્યા છે. રોડ નેટવર્કને ભારે નુકસાનના પરિણામ સ્વરૂપે ચાર ધામની યાત્રા રોકવામાં આવી છે. ચમોલીમાં ૨૭૦૪૦, રુદ્રપ્રયાગમાં ૨૫૦૦૦, ઉત્તરકાશીમાં ૯૮૫૦ શ્રદ્ધાળુઓ અટવાયા છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટનું કહેવું છે કે અટવાઈ પડેલા શ્રદ્ધાળુઓની સુવિધા માટે તમામ પગલા લેવામાંઆવ્યા છે. ઉત્તરકાશીમાં ભગીરથી અને ઋષિકેશમાં ગંગા નદીમાં પાણીની સપાટી ધીમે ધીમે ઘટી રહી છે. બીજી બાજુ હિમાચલ પ્રદેશમાં પણ હજુ ૧૭૦૦ લોકો અટવાયેલા છે. ઉત્તરપ્રદેશમાં વરસાદ સંબંધિત બનાવોમાં ચાર લોકોના મોત થયા છે. સરકારે ગંગા, યમુના અને શ્રદ્ધા સહિતની મોટી નદીઓમાં ડિસ્ચાર્જમાં અનઅપેક્ષિત વધારાના પરિણામ સ્વરૂપે હાઈએલર્ટની જાહેરાત કરાઈ છે. ઉત્તરપ્રદેશમાં પણ ઘણા ગામો ભારે વરસાદના કારણે પૂરના સકંજામાં આવી ગયા છે. જ્યારે ઉત્તરાખંડમાં સેંકડો શ્રદ્ધાળુઓને ખસેડાયા હોવા છતાં હજુ વિકટ સ્થિતિ સર્જાયેલી છે.





## ઉત્તરાખંડમાં ભારે વરસાદની સાથે સાથે

દહેરાદૂન, નવી દિલ્હી,તા. ૧૮

ઉત્તરમાં ઉત્તરાખંડ સહિત ઘણા રાજ્યોમાં અતિભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. એક બાજુ ઉત્તરાખંડમાં લોકો હજુ પણ અતિ મુશ્કેલીમાં મુકાયેલા છે ત્યારે બચાવ અને રાહતકામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. અટવાઈ પડેલા લોકોને યોગ્યસ્થળે પહોંચાવાના પ્રયાસ ચાલી રહ્યા છે. બચાવ કામગીરી તીવ્ર બનાવાઈ છે. ગંગા અને અન્ય તમામ નદીઓમાં પાણીની સપાટી વધી છે. ભારે તારાજીની સાથે સાથેનો ઘટનાક્રમ નીચે મુજબ છે.

- ઉત્તરાખંડમાં મોનસૂન સંબધિત ઘટનાઓ બાદ લોકો મુશ્કેલી
- ચારધામની યાત્રામાં ૭૧૪૪૦ શ્રદ્ધાળુઓ અટવાયા
- બચાવ અને રાહતકામગીરી યુદ્ધના ધોરણે જારી
- ઉત્તરમાં મોતનો આંકડો વધુ ૧૧ના મોત સાથે વધીને ૮૫ થયો
- હિમાચલ અને ઉત્તરપ્રદેશમાં પણ લોકોની હાલત કફોડી બની
- ઉત્તરખંડમાં સત્તાવાર રીતે ૪૪ના મોતનો આંકડો થઈ ચુક્યો છે
- રૂદ્રપ્રયાગમાં સૌથી માઠી અસર થઈ
- કેદારનાથ, બદ્રિનાથ, ગંગોત્રી, યમનોત્રીમાં હજારો શ્રદ્ધાળુઓ અટવાયા
- ચારધામની યાત્રા રોડ નેટવર્ક ખરાબ થઈ જવાના કારણે બંધ રખાઈ
- ઋષિકેશમાં ગંગા અને ઉત્તરકાશીમાં ભગીરથી નદીમાં પાણીની સપાટી હજી પણ ખુબ ઉંચી
- હિમાચલના મુખ્યમંત્રી વીરભદ્રસિંહને સુરક્ષિત ખસેડાયા
- જુદી જુદી જગ્યાઓએ હિમાચલમાં ૧૭૦૦ લોકો અટવાયા
- ઉત્તરપ્રદેશમાં વરસાદ સંબંધિત બનાવમાં ચારના મોત
- ઉત્તરપ્રદેશ, દિલ્હી અને હરિયાણામાં પણ પુરનું સંકટ
- સેંકડો ગામોનો સંપર્ક તૂટ્યો
- વિજળી અને મોબાઈલસેવા સંપૂર્ણપણે ખોરવાઈ
- સેનાના ૧૦થી વધુ હેલિકોપ્ટર બચાવ કામગીરીમાં જોડાયા
- હરિદ્વાર, દહેરાદુનમાં પણ ભારે વરસાદ
- ઉત્તરાખંડમાં ભારે વરસાદ બાદ એલર્ટની જાહેરાત
- અતિભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાયું
- ૧૨થી વધુ જગ્યાઓ ઉપર ભેખડો ધસી પડવાના બનાવો
- કેદારનાથ રાષ્ટ્રીય રાજમાર્ગ, ઋષીકેશ બદ્રીનાથ, દહેરાદૂન-યમનોત્રી, ઋષીકેશ ગંગોત્રી માર્ગો બંધ કરાયા
- દહેરાદૂન, ઋષીકેશ, હરિદ્વાર, હરવાની, ઉધમસિંગ નગરમાં અતિ ભારે વરસાદ
- ઉત્તરાખંડ સરકાર દ્વારા સાવચેતીના તમામ પગલાં લેવાયા

# હિન્દુત્વનો માર્ગ અપનાવવાથી દેશમાં પરિવર્તન લાવી શકાશે

મેરઠ,તા. ૧૮

રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના પ્રમુખ મોહન ભાગવતે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ભાજપના ચૂંટણી પ્રચાર સમિતિનો હવાલો આપીને રાષ્ટ્રીય ફલક પર મહત્ત્વ આપવાના સંદર્ભમાં સમર્થન આપતા કહ્યું હતું કે, માત્ર હિન્દુત્વનો માર્ગ અપનાવવાથી જ દેશમાં પરિવર્તન લાવી શકાય છે.



ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ભાજપના રાષ્ટ્રીય મંચ પર સ્થાન આપવા સામે વિરોધ કરી રહેલા બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર અને ભાજપના અગ્રણી એલ. કે. અડવાણીનું નામ લીધા વિના ભાગવતે કહ્યું હતું કે, ‘કોઈ પસંદ કરે યા ન કરે’ હિન્દુત્વનો માર્ગ જ યોગ્ય છે જે પરિવર્તન લાવશે અમે નેતા અને એજન્ડા બદલીને જોઈ લીધું છે, કોઈ કામ નથી આવ્યું રાજનીતિ દ્વારા ભારતને મહાશક્તિ બનાવી શકાશે નહીં. આ ધ્યેય માત્ર હિન્દુત્વનો માર્ગ અપનાવીને જ હાંસલ કરી શકાશે.

સંઘ પ્રમુખે દેશની વર્તમાન હાલત પર ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, દેશની સરહદો સલામત નથી. અને દેશની અંદર પણ ભયનો ઓથાર છે. ચીન આપણી સરહદમાં ઘૂસી ગયું અને આપણે તેને સબક શિખડાવવા કોઈ સાહસ કર્યું નહી તિબેટ પર કબજો જમાવ્યા બાદ ચીન હવે ભારત પર કબજો જમાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. સીમાને મુકત કરે છે, પાકિસ્તાનમાં સરબજીતસિંહની હત્યા કરી દેવામાં આવી હતી.

નકસલી સમસ્યાનો ઉલ્લેખ કરતા ભાગવતે કહ્યું કે માહોવાદીઓ બંદુકના બળ પર સત્તા મેળવવાનો વિચાર કરી રહી છે. આવા તત્ત્વો બોલીની નહી પણ ગોળીની ભાષા સમજતાહોય છે અને માઓવાદીઓ સાથે તે સમજે તે ભાષામાં જવાબ આપવો જોઈએ.

# ભારતમાં લાખો એન્જીનીયર હાલમાં કફોડી હાલતમાં છે

નવી દિલ્હી,તા. ૧૮

ભારતમાં લાખો એન્જીનીયરો ખૂબ જ પડકારરૂપ બનેલા બજારમાં યોગ્ય નોકરી મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. અથવા તો બેરોજગારીનો સામનો કરી રહ્યા છે. ભારતની એન્જીનીયરીંગ કોલેજોમાંથી ગ્રેજ્યુએટ થયેલા લાખો વિદ્યાર્થીઓ પૈકીના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ મુશ્કેરરૂપ સ્થિતિનો સામનો કરી રહ્યા છે જ્યારે કેટલાકને તેમની ટેકનીકલ લાયકાત કરતા ઓછા સ્તરે નોકરી કરવાની ફરજ પડી રહી છે. આવનાર સમયમાં પણ આવી જ સ્થિતિ રહેનાર છે. ભારતના ખૂબ જ ભરચક રહેલા ટેકનીકલ ટેલેન્ટ પુર માટે ખૂબ ઓછી રોજગારીની તકો હવે ઊભી થનાર છે. ભારતના એન્જીનીયરો ઊભરતા બજારમાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. ઘણા બધા અંદાજો મુજબ ભારત ૧.૫ મિલિયન એન્જીનીયરોને તાલીમ આપે છે. આ સંખ્યા અમેરિકા અને ચીનના સંયુક્ત આંકડા કરતા પણ વધારે છે. જો કે બે ચાવીરૂપ ઈન્ડસ્ટ્રીમાં અત્યારે સ્થિતિ વિકટ બનેલી છે. ઈન્ફરમેશન ટેકલોનોજી અને મેન્યુફેક્ચરીંગના ક્ષેત્રમાં ભરતીની પ્રક્રિયા ધીમી દેખાઈ રહી છે. ભારતના આઈટી ક્ષેત્રમાં એન્જીનીયરોની સંખ્યા વધારે છે. આ વર્ષે ઓછી ભરતી કરવાના સંકેત મળી રહ્યા છે. માત્ર આઈટી ઈન્ડસ્ટ્રી જ નહીં બલ્કે મેન્યુરફેક્ચરીંગમાં પણ આવી જ હાલત છે. એચઆર કન્સલ્ટન અને કુશળ મૂલ્યાંકન કંપનીઓના અધિકારીઓનું કહેવું છે કે ભારતમાં ટેકનીકલ એજ્યુકેશન માટે હજુ નવા પગલાંની જરૂર છે. રોજગારીનું ચિત્ર હાલમાં નબળું ઉપસી રહ્યું છે. ૨૦૧૨-૧૩માં આઈઆઈટી મુંબઈમાં કુલ ૧૫૦૧ વિદ્યાર્થીઓ પ્લેસમેન્ટની પ્રક્રિયા મારફતે નીકળ્યા હતા. જે પૈકી ૧૦૦૫ને જ જગ્યા મળી હતી. ૨૦૧૧-૧૨માં પણ આવી જ સ્થિતિ રહી હતી.

# તમામને એક સાથે લઈ ચાલવાની અડવાણીને મોદીએ ખાતરી આપી

નવી દિલ્હી,તા. ૧૮

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાજપના વરિષ્ઠનેતા લાલકૃષ્ણ અડવાણી સાથે વાતચીત કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ મોદીએ આ વાતચીત દરમિયાન અડવાણીને એવી ખાતરી આપી હતી કે તેઓ તમામ લોકોને એક સાથે લઈને ચાલશે. આ બેઠક માટે મોદી અડવાણીના આવાસ પર પહોંચ્યા હતા. આ બેઠક એવા સમય પર થઈ છે જ્યારે થોડાક દિવસ પહેલા જ નરેન્દ્ર મોદીને ભાજપ ચૂંટણી પ્રચાર સમિતિના વડા તરીકેની જવાબદારી સોંપવામાં આવ્યા બાદ અડવાણી ખુબજ નાખુશ દેખાયા હતા અને અડવાણીને પક્ષના ત્રણ મુખ્ય હોદ્દાઓ પરથી રાજીનામા આપી દીધા હતા. અલબત્ત અડવાણીએ આરએસએસના પ્રમુખ મોહનભાગવત સાથે ટેલિફોન પરવાતચીત થયા બાદ ભાજપ નેતાઓની વિનંતી પછી પોતાના રાજીનામા પાછા ખેંચી લીધા હતા. નરેન્દ્ર મોદી આ અગાઉ નવી દિલ્હીમાં અડવાણી અને મુરલી મનોહર જોષીને પણ મળ્યા હતા. આ ઉપરાંત મોદી ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહાહરી વાજપેયીના આવાસે પણ તેમના ખબરઅંતર પુછવા માટે પણ પહોંચ્યા હતા. અડવાણીના આવાસે એક કલાક સુધી બેઠક ચાલી હતી જ્યારે જોષીના આવાસે ૪૦ મિનિટ સુધી બેઠક ચાલી હતી. બંને બેઠકોમાં હાલમાં ઉભી થયેલી પરિસ્થિતિ પર ચર્ચા કરવામાં આવી હોવાનું જાણવા મળ્યુ છે.

## સમાચાર ઝલક

- ♥ બિહારમાં આજે ભાજપ દ્વારા બંધનું એલાન.
- ♥ મારૂતિને જમીન આપવાના નિર્ણય સામે ખેડૂતોમાં આક્રોશ.
- ♥ ડોલર મજબૂત થતાં વિદ્યાર્થીઓનાં ભાવિ ઉપર પાણી ફરી વળ્યું.
- ♥ કોલસા કૌભાંડમાં ૧૯ રાજ્યો તપાસ માટે સહકાર આપતા નથી.
- ♥ ઝાલાવાડ, અમરેલી, સોરઠ અને પોરબંદરમાં અનરાધાર વરસાદ.
- ♥ દેશમાં ગરીબ રાજ્યોએ વધુ રોજગારી માટેની તકો સર્જી...
- ♥ બેંક ઓફિસરો માટે વધુ જગ્યાઓ બેંકોમાં વધારવા સરકારની મંજૂરી.
- ● ચૂંટણી પૂર્વે રૂપિયાની રમત જોરમાં, કાણું નાણું વિદેશની આવી રહ્યું છે.
- ● કેન્સર, હૃદયરોગ, ટી.બી.ની દવાઓ સસ્તી થશે.
- ● અપમાનિત હાલતમાં ૬૫ ટકા સિનિયર સિટીજનો જીવે છે.
- ● હિમાલયના મુખ્યમંત્રી વિરભદ્રસિંહ પણ હિમવર્ષામાં ફસાયા.
- ♥ માયાવતીનો રાષ્ટ્રપતિ જેવો ઠાઠ-માઠ, જે બંગલામાં રહે છે તેની એક બારી ૧૫ લાખની...
- ● રાજકોટમાં સસ્તામાં જમીનની લાલચ આપી ગઠીયાએ દોઢ કરોડનો ચુનો લગાવ્યો.
- ● નાણાંની સલામતી માટે બેંકો નવી ટેકનોલોજી અજમાવશે.
- ● કચ્છની સેવાભાવી મહિલાએ પોતાના વાળ ઉતરાવી સ્પોન્સરશીપ દ્વારા લંડનની સેન્ટ લુક્સ હોસ્પિટલને રૂા. ૨૫ લાખનું દાન કર્યું.
- ● મેક્સિકોનાં નિકારાગુઆમાં ભૂકંપનાં પ્રચંડ આંચકા, કોઇ નુકશાન નહીં.
- ● પોલીસ ચેઇન સ્નેચિંગના વધી રહેલાં કેસોથી પરેશાન !
- ● રાજ્યમાં નવા જિલ્લાઓની રચના અટવાઇ પડી, ૫૯,૦૦૦ કરોડની ગુજરાતની વાર્ષિક યોજનાનું કદ થવાની શક્યતા.
- ● સાસણ ગીરમાં સિંહ દર્શન ૧૫મી ઓક્ટોબર સુધી બંધ રહેશે.
- ● હારેલા પાકિસ્તાનના ક્રિકેટ ખેલાડીઓ ઘરે જતાં ડરે છે.

# જૂનમાં સોનાની આયાતમાં ઉલ્લખનીય ઘટાડો નોંધાયો

નવી દિલ્હી,તા. ૧૮

સરકાર દ્વારા સોનાની આયાતને ઘટાડવા માટે હાલમાં લેવામાં આવેલા શ્રેણીબદ્ધ પગલાના પરિણામસ્વરૂપે જૂનમહિનામાં સોનાની આયાતમાં ઘટાડો થયો છે. મે મહિનાની સરખામણીમાં સોનાની આયાતમાં ૭૫ ટકાનો ઘટાડો રહ્યો છે.

વર્તમાન મહિનામાં વેપાર ખાદ્ય ચાર અબજ ડોલર સુધી ઘટી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. એપ્રિલ-મેમાં સોનાની આયાતમાં વધારો નોંધાયા બાદ સોનાની આયાત જૂનમાં નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે. આરબીઆઈએ સ્થાનિક માર્કેટ માટે સોનાની આયાતને રોકવાના પગલા લીધા છે. કેન્દ્ર સરકારે પણ સોનાની આયાતને ઘટાડવા માટે વધારાની બે ટકાની આયાત ડ્યુટી લાદી છે જેના પરિણામસ્વરૂપે જૂન મહિનામાં સોનાની આયાતમાં ઘટાડો નોંધાયો છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવુ છે કે જૂનમાં ૪૦ ટન સોનાની આયાત રહેવાની શક્યતા દેખાઈ રહી છે. મે મહિનાની સરખામણીમાં તેમાં ૭૫ ટકાનો ઘટાડો થઈ શકે છે. એપ્રિલ અને મે મહિનામાં સોનાની શુદ્ધ આયાત ક્રમશઃ ૧૪૪ ટન અને ૧૬૨ ટનની અસપાસ થઈ હતી. કારોબારીઓનું કહેવું છે કે સોના માટેની માંગ વર્તમાન નાણાંકીય વર્ષના પ્રથમ બે મહિનામાં ક્રમશઃ ૧૨૦ટન અને ૭૫ ટન રહી હતી. મે મહિનામાં આયાત વધુ ઉંચી રહી છે. જો કે તાજેતરમાં જ આયાતને રોકવા માટે લેવામાં આવેલા પગલાના પરિણામ સ્વરૂપે આયાતમાં ઘટાડો થયો છે. જૂનથી ઓગસ્ટની સિઝન દરમિયાન સોનાની માંગ ઓછી રહે છે જેથી ઓછી સોનાની આયાત થાય છે પરંતુ બાકીના મહિનાઓમાં સોનાના માંગ હંમેશા ઉંચી રહે છે.

## નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

યુનિવર્સિટી મેદાનમાં લાગેલા આ મેળામાં બહુ ભીડ હતી. બહુ બધા પાપડ ભેગા કરી સેલ્સમેન છોકરો બોક્સને લઈને કાઉન્ટર પાસે પહોંચ્યો ત્યારે બોક્સમાં પાપડનું વજન કરીને તેને પુછ્યું કે આટલું વજનદાર બોક્ષ તે ઉચકી ને કઈ રીતે લઈ જશે. કેમ કે તેની સાથે બીજું કોઈ હોય એવું દેખાતું ન હતું. ગાડી પણ પાર્કીંગમાં હતી જે ઘણી દૂર હતી. અમૃતાએ કાઉન્ટર પર પૈસા ચુકવ્યા બાદ દુકાનદારને વિનંતી કરી કે તેનો સામાન કોઈ માણસ દ્વારા ગાડીમાં મુકાવી દે. તે સાંભળીને દુકાનદાર જરાક વાર તો આઘોપાછો થયો પણ પછી બીજો કોઈ ઉપાય ન દેખાતાં તેણે સેલ્સમેન છોકરાને સાથે લઈ પાર્કીંગમાં ઉભેલી તેમની ગાડીમાં સામાન મુકી આવે.

છોકરો ઝડપથી ચાલવા લાગ્યો. તેણે હમણાં પેક કરેલ પાપડનું બોક્ષ ખભા ઉપર રાખ્યું અને મોટી ડાફો ભરવા લાગ્યો. અમૃતા તેની પાછળ પાછલ ચાલવા લાગીય

શોરબકોરની બહાર નીકળતાં જ તેને લાગ્યું કે જાણે તે કોઈ ‘પોપ મ્યુઝીક’ શો માંથી બહાર આવી હોય. કારમાં પાપડનું બોક્ષ મુકાવી તેણે સેલ્સમેન છોકરાને પચાસની નોટ આપી. તે ખુશ થઈ માથું નમાવી પાછો વળી ગયો. અમૃતા ઘરે આવી ગઈ.

આજે એ જ પાપડના પેકેટમાંથી કાઢેલો લસણનો પાપડ તેણે શેક્યો હતો. જે હજુ સુધી ખાધા વિના એમ જ પડ્યો રહ્યો હતો.

તેને પોતાને એ વાતની સમજ પડતી ન હતી કે તે શા માટે રડે છે.

- vanvihari@gmail.com

# યુપીને ખનિજ સંપત્તિથી ૬,૯૦૦ની કમાણી થશે

નવીદિલ્હી,તા.૧૮

ઉત્તર પ્રદેશમાં દુર્લભ ખનિજ ભંડારોની શોધખોળ દરમિયાન અલભ્ય એવાં સોનાની ઉપલબ્ધિ પ્રાપ્ત થતાં અંદાજે ૨૦૦ કરોડ રૂપિયાનું સોનું મળી આવે તેવી શક્યતા છે. યુપીને ખનિજ ખનન દરમિયાન થોડા સમય પહેલાં જ સોનભદ્રની ખાણોમાં સોનાનો ભંડાર મળ્યો હતો. હવે લલિતપુરમાં બીજો સુવર્ણભંડાર મળ્યો હોવાની બાબતને પુષ્ટિ આપી દેવામાં આવી છે. આ ઉપરાંત ચિત્રકુટમાં પોટાશ અને ઝાંસીમાં એજબેસ્ટોસનો ભંડાર મળી આવ્યો છે. આમ હવે ખનિજો અને સોનાનાં મામલે યુપી માલામાલ બની રહ્યું છે. ભૂસ્તર અને ખનન રાજ્યમંત્રી ગાયત્રીપ્રસાદ પ્રજાપતિએ જણાવ્યું હતું કે, લલિતપુરમાં ૨૦૦ કરોડનો સુવર્ણ ભંડાર મળ્યો છે, તેનાં પહેલાં સોનભદ્રમાં ૭.૫ કરોડનો બ્લોક મળ્યો હતો. આ ઉપરાંત સોનભદ્રમાં સિલેમિનાઈટ નામનો ખનિજ પદાર્થ મળી આવ્યો છે જેની બજાર કિંમત અંદાજે રૂપિયા ૪,૦૦૦ કરોડ આંકવામાં આવી રહી છે.

ઉપરાંત ચિત્રકુટમાં ૫૦ મિલિયન ટન પોટાશનો બ્લોક મળી આવ્યો છે જેની અંદાજિત કિંમત ૧,૫૦૦ કરોડ ગણવામાં આવે છે. ઝાંસીમાં એસ્બેસ્ટોસ ખનિજનો ભંડાર મળી આવ્યો છે. ૦.૩ મિલિયન ટનનાં આ ભંડારની બજાર કિંમત રૂપિયા ૧,૨૦૦ કરોડ આંકવામાં આવી રહી છે. ઝાંસીમાં એસ્બેસ્ટોસ ખનિજનો ભંડાર ઓળખી લેવામાં આવ્યો છે. રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આ ખનિજ ભંડારોની શોધખોળ સમાજવાદી સરકારની ખૂબજ મોટી ઉપલબ્ધિ છે.

# મુખ્યમંત્રી નીતિશ આજે વિશ્વાસ મત લેવા તૈયાર

પટના,તા. ૧૮

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર આવતીકાલે ૧૯મીના દિવસે વિધાનસભાના મંચ ઉપર ફરીવાર વિશ્વાસ મત મેળવનાર છે. અલબત્ત ગણતરી તેમની તરફેણ કરી રહી છે અને તેઓ વિશ્વાસ મત જીતી જાય તેવી શકયતા દેખાઈ રહી છે. સરકારને ગબડાવાના પણ ઈરાદા કોઈ રાજકીય પક્ષના દેખાઈ રહ્યા નથી છતાં પણ નીતિશકુમાર દ્વારા લેવામાં આવનાર વિશ્વાસ મત ઉપર તમામની નજર કેન્દ્રીત થઈ ગઈ છે. તેમની સરકાર સામે કોઈ ખતરો નથી તેવી વાત ભાજપ સાથે સંબંધ તૂટી ગયા બાદ નીતિશકુમાર અનેક વખત કરી ચૂક્યા છે. નીતિશનું એમ પણ કહેવું છે કે ખુલ્લી લડાઈમાં હારથી તેઓ ભયભીત થવા માગતા નથી. નીતિશકુમારની આકરી કસોટી આવનાર દિવસમાં થનાર છે. નીતિશકુમાર વિશ્વાસમતમાં સરળતાથી ઊભરી જાય તેમ જાણવા મળી રહ્યું છે. કારણ કે ૨૪૩ સભ્યોના વિધાનસભા ગૃહમાં જાદુઈ આંકડો ૧૨૨નો છે. જેડીયુ ૧૧૮ સભ્યો ધરાવે છે. રાજ્યના છ અપક્ષ ધારાસભ્યો પૈકીના ચાર પવનકુમાર જૈશવાલ, સોમપ્રકાશસિંહ, વિનય બિહારી અને દુલારચંદ્ર ગોસ્વામી મુખ્યમંત્રીને મળી ચૂક્યા છે અને તેમને ટેકો આપવાની ખાતરી આપી ચૂકયા છે. અન્ય બે અપક્ષ ધારાસભ્યો વિશ્વાસમતની વિરુદ્ધમાં મત આપે તેવી શકયતા છે. એકબાજુ દિલીપ વર્મા વિશ્વાસ મતની વિરુદ્ધમાં મતદાન કરનાર છે જ્યારે અન્ય એક અપક્ષ ધારાસભ્ય જ્યોતિ રશ્મી અંગે જણી શકાયું નથી. જેડીયુના સૂત્રોનું કહેવું છે કે



એલજેપીના એક માત્ર ધારાસભ્ય જાકીર હુસૈન ખાન વિશ્વાસ મતની તરફેણમાં મત આપી શકે છે. આની સાથે જ આંકડો ૧૨૩થી ઓછો રહેશે નહીં. જેડીયુની વ્યૂહરચના તમામ બિનસાંપ્રદાયિક પક્ષો પાસેથી ટેકો મેળવી લેવાની છે જેમાં કોંગ્રેસ અને સીપીઆઈનો સમાવેશ થાય છે. ચાર કોંગ્રેસી ધારાસભ્યો અને એક સીપીઆઈ એમએલ પણ દરખાસ્તની તરફેણમાં મત આપશે. જો કોંગ્રેસ અને સીપીઆઈ ગેરહાજર રહેશે તો કુમારને ૧૧૯ ધારાસભ્યના ટેકાની જરૂર રહેશે. પરંતુ કોંગ્રેસ વિધાનસભા પક્ષના નેતા સદાનંદસિંહ કહી ચૂક્યા છે કે પક્ષે હજુ કોઈ નિર્ણય કર્યો નથી.

## Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

‘અરે, નાનકડા બાળકોની હોડીમાં જઈને પડાય, ગુલાબનાં ફુલમાં મોતીની જેમ શોભાવાય, સ્કૂલના બાળકોના છબછબિયાં કરતાં ટોળામાં કુદી પડાય, જંગલમાં નાચતાં મોરની કલગીમાં જઈ બેસાય, ભીની માટીની ખુશ્બુ ફેલાવવા માટીને ચોંટી પડાય, શાકભાજીનાં વેલા પર લટકી પડાય...’

‘બસ દોસ્ત મને હવે ખબર પડવા લાગી છે એ આપણે આમ તો માત્ર એક ટીપું જ છીએ પણ કેટલાં બધા માટે ખુશીઓ લાવી શકીએ છીએ, અને આપણું જીવન પણ કેટલું મહત્ત્વનું અને સુંદર છે...’

બે થનગનતાં હૈયા રાજકપૂર-નરગીસની જેમ ‘બરસાત મેં હમસે મીલે તુમ હો સજન હમ બરસાત મેં’ એકબીજાનો હાથ પકડી એક છત્રીમાં માથું બચાવતા પાણી ઉડાળતાં જતા હતા. પહેલું ટીપું એ છત્રી પર પડ્યું અને પછી રગડતું થઈને જમીન પર પડ્યું. ચંપાના ઘટાદાર વૃક્ષો પર સફેદ ફૂલોની ચાંદની મ્હેંક પ્રસરાવતી હતી અને લીલા પાંદડાનાં વસ્ત્રોથી સજ્જ હતું. વરસાદનાં પાણીનો ભાર સહન ના થતાં વાંકા વળેલાં પાન પર આવીને પડેલું બીજું ટીપું એના પરથી રગડીને જમીન પર પડ્યું અને એ સાથે જ જમીન પર પડેલાં પહેલાં ટીપાએ કુદકો મારી બીજા ટીપાને ભેટી પડ્યો... બીજું ટીપું બોલ્યો, ‘હવે હું રાહ જોઉં છું, વરાળ બનીને વરસાદમાં પડવાની કેટલી મજા હોય છે એ મને આજે સમજાયું...’

**ચૂંટલો :**

આપણું જીવન પણ આ વરસાદના બે ટીપાનાં સંવાદ જેવું છે, એક ખુશીથી ઝંપલાવે છે અને બીજાને ખુશીનો માર્ગ બતાવે છે, આટલી વિશાળ દુનિયામાં આમ તો આપણે વરસાદનાં ટીપાં જેટલાં નગણ્ય છીએ, માત્ર બીજાની ખુશીમાં નિમિત્ત બનીને આપણું જીવન રંગીન બનાવી શકીએ તો વરસાદની ભીનાશ મળી શકે.